# જાહેરાત

ભારત સરકારશ્રીની કેન્દ્ર પુરસ્કૃત સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઈ.સી.ડી.એસ શાખા, મહાનગરપાલિકા. રાજકોટ દ્વારા કાર્યરત રાજકોટ મહાનગરપાલિકાના આંગણવાડી કેન્દ્રો માટે આંગણવાડી કાર્યકર/તેડાગરતરીકે માનદસેવાઓ લેવા માટેના માનવબળની જાહેરાત સને. ૨૦૨૬-૨૭

આઈ.સી.ડી.એસ શાખા,મહાનગરપાલિકા રાજકોટ હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર/તેડાગરતરીકે લેવાના થતા માનવબળની વિગત (અરજી માટે વેબસાઈટ https://e-hrms.gujarat.gov.in)

| તાલુકા/વોર્ડની સંખ્યા | ઘટકની સંખ્યા | માનવબળ તરીકે આંગણવાડી કાર્યકરમાં લેવાની થતી હાલની/સંભવિત સંખ્યા | માનવબળ તરીકે આંગણવાડી તેડાગરમાં લેવાની થતી હાલની/સંભવિત સંખ્યા |
|---|---|---|---|
| 17 | 3 | 38 | 44 |

- માનદસેવાઓ આપવા ઈચ્છુક મહિલા જે તે આંગણવાડી કેન્દ્રના વોર્ડના વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઈએ તથા તે અંગેનું મામલતદારશ્રીદ્વારા ઈશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- સદર માનદસેવા બાબતે અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે માનદસેવાઓ આપવા ઈચ્છુક મહિલાની ઉંમર, શૈક્ષણિક લાયકાત અનેઅન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઈએ.
- આંગણવાડી કાર્યકર/તેડાગરની માનવબળની સેવા માટે અરજી કરનાર ઈચ્છુક મહિલાની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઈએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનવબળની સેવા માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજી માટે વેબસાઈટhttps://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સૂચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાંફોર્મભરવાનું રહેશે.ઓનલાઈન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૪ માં તા.21/09/2026.થી તા.14/10/2026 (રાત્રે૧૨:૦૦ કલાક) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઈન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઈટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની માનવબળની માનદસેવા માટે અરજી કરવા જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આંગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડીકાર્યકર-૧૦૦૦૦/-અનેઆંગણવાડી તેડાગર-૫૫૦૦/- ને મળતા માનદવેતન પ્રમાણે માનવબળની માનદસેવા માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતામાનદસેવા આપવા ઈચ્છુક મહિલાની ઓનલાઈન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૨ પાસઅને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતાં ઈચ્છુક મહિલા અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. લેવાના થતા માનવબળની સેવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઈન મેરીટ યાદીનિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પધ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઈટ ઉપર ઉપલબ્ધ છે. જે ધ્યાનપૂર્વક વાંચી તથા સમજીને ઓનલાઈન આવેદન કરવાનું રહેશે. ઓનલાઈન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમોનુસાર સાચી અપલોડ કરવામાં આવતા ડોકયુમેન્ટ સુવાચ્ય અને નિયત નમૂના અનુસારના હોવા જોઈશે. જો કોઈ પણ સ્તરે માનદસેવા આપવા ઈચ્છુક મહિલા દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઈ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહીં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે રાજકોટ .કોર્પોરેશનનાં સંબંધિત વોર્ડના બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), નો સંપર્ક કરવો.

મ્યુનિસિપલ કમિશ્નર
રાજકોટ મહાનગરપાલિકા

MaruGujarat.net